**પ્રધાનમંત્રીએ કુવૈતમાં લેબર કેમ્પની મુલાકાત લીધી**

21 ડિસેમ્બર, 2024

કુવૈતની પોતાની યાત્રાના પહેલા કાર્યક્રમ તરીકે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કુવૈતમાં મીના અબ્દુલા વિસ્તારમાં આવેલ એક શ્રમિક શિબિરની મુલાકાત લીધી, જ્યાં લગભગ 1500 ભારતીય નાગરિકો કામ કરે છે. પ્રધાનમંત્રીએ ભારતના વિવિધ રાજ્યોમાંથી આવેલા ભારતીય શ્રમિકો સાથે વાતચીત કરી અને તેમની સુખાકારીના સમાચાર પૂછ્યા.

2. શ્રમિક શિબિરની મુલાકાત પ્રધાનમંત્રી દ્વારા વિદેશમાં ભારતીય શ્રમિકોની ભલાઈને આપેલ મહત્વપૂર્ણ પ્રાધાન્યનું પ્રતીક છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં, સરકારે વિદેશમાં ભારતીય કારીગરોના કલ્યાણ માટે ઇ-માઇગ્રેટ પોર્ટલ, મદદ પોર્ટલ અને ઉન્નત પ્રવાસી ભારતીય વીમા યોજના જેવી ઘણી પહેલ હાથ ધરી છે.

**કુવૈત સિટી**

**21 ડિસેમ્બર, 2024**